# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૭-૦૬-૨૦૨૪**

- **ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકરની વિવાદિત પોસ્ટ: "કુત્તો કો વિકાસ સે કોઈ મતલબ નહીં હોતા"**
- **ગુજરાતની સાડા 6 કરોડ જનતાનું ઘોર અપમાન**

ભાજપાના સંગઠન મહામંત્રીશ્રી દ્વારા મતદારોને શ્વાન સાથે સરખાવતા અપમાનજનક ટ્વીટ એ ગુજરાતની ૬ કરોડ જનતાનું ઘોર અપમાન છે તેવી આકરી પ્રતિક્રિયા આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યુ હતું કે, ભાજપાની નિતિ હંમેશા 'માલ ખતમ મહોબ્બત ખતમ' કહેવતની જેમ સત્તા ન મળે તો મતદારો અંગે નિમ્ન કક્ષાની ટિપ્પણી કરવામાં આવે તે કેટલા અંશે વ્યાજબી ? મતદારો વિશ્વાસ મુકીને સત્તા આપે તો સત્તામાં આવ્યા બાદ જનતાને કોરાણે મુકી દેવાની ભાજપાની નિતિ જનતા જાણી ચુકી છે. લોકસભાના મતદાનમાં અને ત્યારબાદ પરિણામમાં પણ સમગ્ર દેશમાં જોવા મળી. દેશમાં મોંઘવારી, બેરોજગારીની સમસ્યાથી પીડાઈને ભાજપા વિરૂધ્ધ મતદાન કરે તો તેમને શ્વાન સાથે સરખામણી કરવાની ? આવી નિમ્ન માનસિકતાએ ભાજપાના ચાલ, ચલન અને ચરિત્રને ઉજાગર કરે છે.

પહેલા નાગરિકોનું મતદારોનું અપમાન કરવાનું અને ઉહાપોહ થાય એટલે ટ્વીટ ડીલીટ કરવાનું ભાજપાના વરિષ્ઠ નેતાઓની નિતિ રહી છે. મતદારો-નાગરિકોના કરેલા અપમાન બદલ ભાજપાના સંગઠન મહામંત્રી સત્વરે માફી માંગે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા




નોંધઃ ભાજપાના સંગઠન મહામંત્રી દ્વારા કરવામાં આવેલ ટ્વીટનો સ્ક્રીન શોટ આ સાથે સામેલ છે.